## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



બહેન... તમારા છોકરા માસ્તર વગર ભણ્યાં... સુધર્યા..?? તો આ કેરી પડીકી વગર કેમની મીઠી થાય... બોલો...!!!

# ચિલોડા-દહેગામ વિસ્તારમાં ફાલસાની ખેતી





ચિલોડા, તા. ૩

ધમધોખતા ઉનાળાની સીઝનમાં ઠંડક સાથે ગરમીમાં રક્ષણ આપતાં ફળફળાદિ જેવા કે તડબૂચ, સક્કરટેટી, સંતરાં, મોસંબી, કેરી, ચેરી, અંજીર, બ્લેકબેરી, સ્ટોબેરી, અંજીર, કિવી, લીંબુ, આમળા, પાઈનેપલ, ફાલસા, દ્રાક્ષ, શેરડી વગેરેનો વપરાશ હરહંમેશ નાગરિકો દ્વારા કરવામાં આવતો હોય છે. ત્યારે ગાંધીનગર જિલ્લાના ચિલોડા-દહેગામ, લવારપુર, પાલજ, મગોડી જેવા ગામમાં ઉનાળામાં ફાલસાની ખેતી દ્વારા ખેડૂતો સારી આવક મેળવવામાં અગ્રેસર રહ્યા છે.

ભારતમાં ફાલસાની ખેતી ગુજરાતમાં થાય છે. ફાલસામાંથી લોહતત્વ વધુ હોય છે. ફાલસાના ફળોનો ઉપયોગ ખાવા માટે અને જ્યુસ તરીકે ગરમીમાં વધુ ઠંડક અને રક્ષણ આપે છે. ફાલસાના પાકને સમશીતોષ્ણ આબોહવા વધુ માફક આવે છે. ફાલસાનો છોડ ૯૦થી ૧૧૦ દિવસમાં તૈયાર થઈ જાય છે. ફાલસાની રોપણી ૨ થી ૨.૫ મીટરના અંતરે ઉનાળામાં ખાડો ખોદીને તપવા દીધા બાદ છાણિયું ખાતર અને માટી મિક્ષ કરી રોપણી કરવામાં આવે છે. બીજા વર્ષની છાંટણી બાદ ૧૫ કિલો છાણીયુ ખાતર આપવુ હિતાવહ છે. દર વર્ષે ડિસેમ્બર માસના અંતમાં છોડને છાંટણી કરવામાં આવે છે. છાંટણી પછી ૧૫ થી ૨૦ દિવસે પિયત આપવામાં આવે છે. ફળનું ઉત્પાદન પ્રથમ વર્ષથી શરૂ થાય છે. પણ સારૂ ઉત્પાદન બીજા વર્ષથી મળે છે. ફળો એપ્રિલ-મે માસમાં હાલમાં ઉનાળામાં આવી રહ્યાં છે. છોડ દીઠ ૧.૫ થી ૨ કિલો ફળનું ઉત્પાદન મળે છે. ફળ લાલ કલરના થાય ત્યારે ઉતારવા, ફળ દર ત્રીજા દિવસે ઉતારવા અને વાંસની ટોપલીમાં ભરી વેચાણ અર્થે દેગામ તથા અમદાવાદ મોકલવામાં આવે છે. હાલમાં ફાલસા ઉનાળામાં વધુ ઠંડક અને શરીરને રક્ષણ આપતા હોવાથી વધુ માંગ પ્રવર્તી રહી છે. આમ ફાલસા ઉતારવામાં મજૂરોને દરરોજ સારી રોજગારી મળે છે અને ખેડૂતોને ઓછા ખર્ચે વધુ આવક રળી આપતુ ફળ એટલે ફાલસાની ખેતી. આમ ફાલસાનું વેચાણ અમદાવાદની રીંગરોડ પર લારીઓ નજરે પડે છે. વાજબી કિંમતથી ફાલસાનો સ્વાદ ચાખવા મહિલાઓ વધુ રસ દાખવી રહી છે.

## આજે ઝુલેલાલ મંદિર, સેક્ટર-૩૦ ખાતે આંખ અને ફિઝીયોથેરાપીનો નિ:શુલ્ક કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરના સે. ૨૩ સ્થિત પગરવ મલ્ટી સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ અને ઝુલેલાલ મંદિરના સંયુક્ત ઉપક્રમે સે. ૩૦ ઝુલેલાલ સાંઈબાબા મંદિર ખાતે તા. ૪-૫-૧૭ના ગુરૂવારના રોજ સાંજે ૫ થી ૭.૩૦ કલાક દરમિયાન આંખના નિદાન અંગેનો તેમજ ફિઝીયોથેરાપીનો નિ:શુલ્ક નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં આંખના નિષ્ણાંત ડૉ. નૌરવભાઈ સાવલીયા તથા ફીઝીયોથેરાપીના ડૉ. ચિરાગ પટેલ માનદ સેવા પુરી પાડશે. આ કેમ્પનો લાભ લેવા સૌ નાગરિકોને સંસ્થાના પ્રમુખે અનુરોધ કર્યો છે.

## સંસ્કાર ગૃપ ગાંધીનગરે રાજ્ય સ્થાપના દિને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજ્યા

ગાંધીનગર, તા. ૩

સંસ્કાર ગૃપ દ્વારા ગુજરાત સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી હતી. વીરજવાનોને શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી. સેક્ટર-૭ના બગીચામાંથી પ્લાસ્ટિક એકત્ર કરવામાં આવ્યુ. પ્લાસ્ટિક કચરામુક્ત બગીચો બનાવ્યો. ૭ કિલો પ્લાસ્ટિક કચરો એકત્રિત કરવામાં આવેલ હતો. સંસ્કાર ગૃપના બાળકો-વાલીઓ વૃક્ષને સુશોભન પુષ્પો દ્વારા કરવામાં આવ્યુ. દિપમાળા કરવામાં આવેલ હતી. ૫૭ દીપ પ્રગટાવી ગુજરાત ગૌરવની ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાતના મહાનુભાવો તેમજ વિવિધ ક્ષેત્રે સંકળાયેલા વિષે પ્રશ્નોત્તરી કરી વાર્તાલાપ કરવામાં આવ્યો હતો. ભાગ લેનાર વિદ્યાર્થીઓને સન્માનવામાં આવ્યા હતા તેમ પ્રમુખ તુષારભાઈ દવેએ જણાવેલ છે.

## આડેધડ રીતે જ્ઞાતિને ઓબીસી લિસ્ટમાં સમાવવા પ્રશ્ને હાઈકોર્ટમાં પીઆઈએલ

**કેન્દ્ર-રાજય સરકારને હાઈકોર્ટે નોટિસ ફટકારી :ખોટી રીતે લિસ્ટમાં સામેલ કરાયેલી જ્ઞાતિઓને કમી કરવા અને સુપ્રીમકોર્ટના ચુકાદાઓના પાલન માટે માંગણી**

અમદાવાદ, તા.૩

આશરે ૧૪૦થી વધુ જ્ઞાતિઓને કેન્દ્ર સરકારના ઓબીસી લીસ્ટમાં સમાવવા સામે વાંધો ઉઠાવતી અને હવે કોઈપણ જ્ઞાતિને સુપ્રીમકોર્ટના ચુકાદાઓને ધ્યાનમાં લીધા વિના તેમ જ તેના પુનઃમૂલ્યાંકન સિવાય ઓબીસી જ્ઞાતિમાં સમાવિષ્ટ નહી કરવા દાદ માંગતી જાહેરહિતની રિટમાં ગુજરાત હાઈકોર્ટે કેન્દ્ર સરકાર, રાજય સરકાર સહિતના સંબંધિત સત્તાવાળાઓને નોટિસો જારી કરી છે. હાઈકોર્ટે સત્તાવાળાઓને જવાબ રજૂ કરવા નિર્દેશ કરી કેસની વધુ સુનાવણી વેકેશન પછી રાખી છે. જાહેરહિતની રિટમાં એ મતલબના મુદ્દા ઉપસ્થિત કરાયા હતા કે, જ્ઞાતિઓના અનામત અથવા તો શીડયુલ લીસ્ટમાં કોઈપણ જ્ઞાતિને સામેલ કરવી કે કમી કરવી એ માત્ર તેના સાચા ઉપલબ્ધ ડેટા-આંકડાના આધારે જ થઈ શકે. સુપ્રીમકોર્ટે પણ આ અંગે મહત્વના નિર્દશો જારી કર્યા છે. આ સમગ્ર મામલાની સમીક્ષા બેકવર્ડ કલાસ કમીશનની સમીક્ષાના આધારે થવી જોઈએ પરંતુ કેન્દ્ર સરકાર અને નેશનલ કમીશન ફોર બેકવર્ડ કલાસ આ મામલામાં સમયાંતરે સમીક્ષા કરવામાં કે બિનજરૂરી જ્ઞાતિઓને લીસ્ટમાં કમી કરવામાં નિષ્ફળ ગયા છે. રાજય સરકાર અને રાજકીય પક્ષો મતોના રાજકારણમાં વધુ ને વધુ જ્ઞાતિઓને ઓબીસી લીસ્ટ અથવા તો, શીડ્યુલ લીસ્ટમાં ઉમેરતા જ જાય છે. સામાજિક, શૈક્ષણિક અને આર્થિક રીતે પછાત નહી હોવાછતાં આવી જ્ઞાતિઓને આ યાદીઓમાં ઘૂસાડી દેવાઈ છે, જેના કારણે જેન્યુઈન લાભાર્થીઓ જ્ઞાતિના સાચા લાભથી વંચિત રહી જાય છે, જયારે જેન્યુઈન ના હોય તેવી બિનજરૂરી જ્ઞાતિઓ આવા લાભો ખાટી જાય છે. સરકાર કે સત્તાવાળાઓ દ્વારા આવી બિનજરૂરી જ્ઞાતિઓને હજુ સુધી લીસ્ટમાંથી કમી કરવામાં આવી નથી. રાજય સરકારે ૧૯૯૪ના ઠરાવના આધારે ઓબીસી કમીશનની ભલામણો કે, કોઈ સર્વે વિના જ બારોબાર ૩૯ જ્ઞાતિઓને ઓબીસી કેટેગરીમાં સામેલ કરી દીધી છે. કેન્દ્ર સરકાર પણ તેના ઓબીસી લીસ્ટમાં કોઈપણ પ્રકારના સર્વે કે રિવ્યુ વિના કે સુપ્રીમકોર્ટના સંબંધિત ચુકાદાઓ કે માર્ગદર્શિકાઓ ધ્યાનમાં લીધા વિના જ પછાત જ્ઞાતિઓની યાદીમાં ઉમેરો કરી દે છે, જે બંધારણીય જોગવાઈઓ અને સુપ્રીમકોર્ટના ચુકાદાના ભંગ સમાન છે. આ સંજોગોમાં કેન્દ્ર સરકાર અને રાજય સરકારે જે ઠરાવ કે જાહેરનામાના આધારે આવી બિનજરૂરી જ્ઞાતિઓને ઓબીસી લીસ્ટમાં સમાવી તે ઠરાવ અને જાહેરનામાને રદબાતલ કરવા અને સુપ્રીમકોર્ટના સંબંધિત ચુકાદાઓ અને માર્ગદર્શિકાના અસરકારક પાલન માટે પીઆઈએલમાં દાદ માંગવામાં આવી હતી.



શહેરી બસ સેવા બંધ - શહેરની આંતરિક બસ વ્યવસ્થા છેલ્લા ૧૦ દિવસથી અટવાઈ ગઈ છે... બસ સેવા સંચાલિત કરતી વિટકોસ કંપનીમાં ડ્રાઈવરોની હડતાલના પગલે કંપનીએ ગાંધીનગરની શહેરી બસ સેવા બંધ કરી દીધી હતી... સતત ધમધમતો વિસ્તાર આજકાલ એકદમ સુમસામ હાલતમાં જોવા મળે છે...

## નોકરીના બહાને છેતરપીંડી કરનાર આંકડા બ્યુરોના ક્લાર્ક સામે ફરીયાદ

**વચેટીયા મારફતે સે. ૯ આંકડા બ્યુરોની કચેરીમાં પુર્વ ક્લાર્કે બેઠક કરી રૂ. ૩.૧૦ લાખ પડાવ્યા હતા : આરોપી ક્લાર્ક ત્રણ દિવસના રિમાન્ડ પર**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરના સે. ૯ આંકડા બ્યુરો કચેરી ખાતે અગાઉ નોકરી કરતા ક્લાર્ક વચેટીયા મારફતે એક યુવાનને ક્લાર્કની નોકરી અપાવવા ઓફીસમાં બેઠક કરી હતી. તબક્કાવાર રૂ. ૩.૧૦ લાખ પડાવ્યા..! ૨૦૦૯માં રૂપિયા આપ્યા હતા પરંતુ હજુ સુધી કામ ન થતા આખરે યુવાનના પિતાએ રેકોર્ડીંગ અને પ્રોમીસરી નોટ સહિતના પુરાવા સાથે સે. ૨૧ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી પુર્વ ક્લાર્કની ધરપકડ કરી છે. આરોપી પુર્વ ક્લાર્ક ત્રણ દિવસના રિમાન્ડ પર છે.

બનાસકાંઠાના ડિસા ખાતે રહેતા દિનેશ પંચાલ નામનો વચેટીયો શખ્સ અમદાવાદના યુવાન હાર્દિક રમણભાઈ પટેલને ક્લાર્કની નોકરી અપાવવા માટે સેક્ટર-૯ આંકડા બ્યુરોની કચેરીમાં પુર્વ ક્લાર્ક દેવાંગ ભાસ્કર ભટ્ટ સાથે બેઠક વર્ષ-૨૦૦૯માં કરાવી હતી. રહેમરાહે ક્લાર્ક તરીકે આંકડા બ્યુરોમાં નોકરીએ લાગેલા દેવાંગ ભાસ્કર ભટ્ટે ૧૦ લાખમાં આ કચેરીમાં ક્લાર્કની નોકરી અપાવવાની વાત કરી હતી. રકઝકના અંતે પહેલા રૂ. ૩.૧૦ લાખ તબક્કાવાર લીધા અને બાકીના પછી લેવાની વાત થઈ. ૨૦૦૯ની આ વાત ૨૦૧૫ સુધી પણ લટકતી રહી હતી. નોકરી વિહોણા હાર્દિકને ૨૦૦૧૫માં પણ જવાબ મળ્યો કે ફાજલ જગ્યા પડે એટલે તેને મુકી દેવાશે. કાંઈ ન થયુ એટલે ફરી બેઠક થઈ ત્યારે રૂપિયા પાછા માંગ્યા. પ્રોમીશરી નોટ અને રેકોર્ડીંગ લઈ હાર્દિકના પિતા રમણભાઈ મોહનલાલ પટેલે સે. ૨૧ પોલીસ સ્ટશનમાં દેવાંગ ભટ્ટ અને દિનેશ પંચાલ સામે ફરિયાદ આપતા સે. ૨૧ પોલીસે આઈપીસી કલમ ૪૦૬, ૪૨૦, ૧૪૪ મુજબ ગુનો નોંધી દેવાંગ ભટ્ટની ધરપકડ કરી લીધી છે. પુછપરછ માટે કોર્ટે દેવાંગના ત્રણ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. તપાસમાં જાણવા મળ્યુ છે કે આ દેવાંગ ભટ્ટ સામે વર્ષ ૨૦૧૧માં અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં પણ છેતરપીંડીનો ગુનો નોંધાયો હતો. ઔડાના મકાન અપાવવાના બહાને રૂ. ૨.૮૦ લાખની છેતરપીંડી આચરી હતી. આંકડા બ્યુરો કચેરીમાંથી તેને ફરજ મોકુફ કરવામાં આવેલો હોવાનું જાણવા મળ્યુ છે. સે. ૨૧ પીએસઆઈ પંડ્યાએ વધુ તપાસ શરૂ કરી છે.

## સ્વચ્છતા અભિયાનમાં નર્મદા કેનાલનો સમાવેશ કરાવવા પંચાયત પ્રમુખને પત્ર લખતા સદસ્ય

**જિલ્લા પંચાયત સદસ્ય દિનેશ ઠાકોરે પત્રમાં પાણીજન્ય રોગચાળાનો ભય વ્યક્ત કર્યો છે તેમજ ૬ મહિને એકવાર કેનાલની સ્વચ્છતાનો આગ્રહ કરવા પણ જણાવ્યુ છે**

ગાંધીનગર, તા. ૩

સ્વચ્છતા અભિયાનમાં ગુજરાતને પીવાનું પાણી પુરૂ પાડતી નર્મદા કેનાલનો પણ સમાવેશ થાય તે માટે જિલ્લા પંચાયતના પ્રમુખને સરકારમાં રજુઆત કરવા માટે જિલ્લા પંચાયતના સદસ્ય દિનેશજી ઠાકોરે એક પત્ર લખી જણાવ્યુ છે.

તેમણે તેમના પત્રમાં જણાવ્યુ છે કે ૧૫ વર્ષથી આ કેનાલની સફાઈ થઈ નથી એટલુ જ નહિ તેમાં વહી રહેલા પાણીમાં પશુ અને માનવોના શબો મળી રહ્યા છે તેનાથી પાણી પણ દુષિત થયેલુ છે.

કેનાલોની સ્વચ્છતા થઈ નહિ હોવાથી તેમાં ગંદકીના થર જામી ગયા છે એટલુ જ નહિ કેનાલની નજીકમાંથી પસાર થતાં ખરાબ દુર્ગંધ પણ આવતી હોય છે. જેને પગલે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના લોકો આ પાણી પેયજળમાં લેવા માટે વિરોધ કરી રહ્યા છે.

તેમણે આ પત્રમાં એવી પણ ચિંતા વ્યક્ત કરી છે કે ગંદુ પાણી પીવાને કારણે પાણીજન્ય રોગચાળો થવાનો પણ ભય રહેલો છે. જે રીતે હીટવેવનો પ્રકોપ છે તેને લીધે પાણી પણ ગરમ થતુ હોય એ સ્વાભાવિક છે.


આ બધી પરિસ્થિતિમાં આપે રાજ્યના મુખ્યમંત્રીને એક પત્ર લખી તાકીદે કેનાલની સફાઈનો મુદ્દો સ્વચ્છતા અભિયાનમાં સમાવો જોઈએ તેવો આગ્રહ કરો એવુ જિલ્લાના ગ્રામજનો ઈચ્છી રહ્યા છે.

તેમણે ૬ મહિને એકવાર કેનાલની સફાઈ કરવાની કામગીરી થાય તેવો આગ્રહ કરવા માટે પણ પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરને લખેલા પત્રમાં કર્યો છે.

નર્મદાની કેનાલની સ્વચ્છતા માટે પંચાયતના સદસ્યએ લખેલા આ પત્રને લઈ પંચાયત સહિત સમગ્ર જિલ્લામાં પત્રનો મુદ્દો ટોક ઓફ ધી ડિસ્ટ્રીક્ટ બન્યો છે.

## શહેરમાં સવારે સ્વર્ણીમ પાર્ક અને પુનિતવન વોકર્સથી ઉભરાય છે

**નગરજનોમાં આરોગ્ય અંગે જાગૃતિ આવતા સેક્ટરોના ફુટપાથ પર પર ભારે ભીડ જોવા મળે છે**



ગાંધીનગર, તા.૩

આમ તો શિયાળાની ફુલગુબાલી ઠંડીમાં તો નગરજનો મોટીસંખ્યામાં ચાલતા નજરે પડતા હોય છે પરંતુ હવે આ સિલસિલો માત્ર શિયાળા પુરતો રહેવાના બદલે કાયમી બની જવા પામ્યો હોય તેવું લાગી રહ્યું છે. શહેરના હાર્દ સમા વિસ્તારમાં આવેલ સ્વર્ણીમ પાર્ક તેમજ પુનિતવન ખાતે મોટી સંખ્યામાં સ્વાસ્થય પ્રેમી નગરજનો ચાલતા નજરે પડે છે. શહેરના નાગરીકોનું બેઠાડું જીવન અને વિવિધ ફાસ્ટફુડના કારણે હાઈબ્લડપ્રેશર, હદયની બિમારી અને ડાયાબીટીસ સહિતના રોગ ઘર કરી જાય છે. ત્યારે શહેરના નાગરીકો આરોગ્ય અંગે વધુ સજાગ બન્યા હોય તેવું લાગી રહ્યું છે.

શહેરમાં સવાર સાંજ વિવિધ ઠેકાણે ચાલતી યોગ શિબિરમાં પણ મોટીસંખ્યામાં સ્વાસ્થય પ્રેમી નગરજનો જોડાઈને પોતાના સ્વાસ્થયને સારુ રાખવા મથામણ કરી રહ્યા છે. ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે નગરની વહેલી સવારે ઠંડક ભર્યા વાતાવરણમાં નગરજનો મોનીંગવોક લઈ સ્વાસ્થય સાથે શુધ્ધ વાતાવરણનો આનંદ ઉઠાવી રહ્યા છે. સામાન્ય રીતે ઉનાળામાં મોડીરાત સુધી ચાલતી લાઈફ સ્ટાઈલને કારણે સવારે વહેલા ઉઠતા નગરજનોની સંખ્યામાં ઘટાડો થઈ જતો જોવા મળતો હતો. પરંતુ હવે શહેરમાં સ્વાસ્થય પ્રત્યે જાગૃતિ વધવાને કારણે ઉનાળાની સવારે પણ મોટીસંખ્યામાં મોર્નીંગ વોકર્સ જોવા મળી રહ્યા છે. ત્યારે શહેરનું પુનિતવન અને સ્વર્ણીમ પાર્ક સહિત સેક્ટરના આંતરીક માર્ગો પર આવેલા ફુટપાથ પણ મોનીંગવોકર્સથી ઉભરાઈ રહ્યું છે.

## ખાનગી સ્વનિર્ભર શાળા ફી કાયદાને કોર્ટમાં પડકાર

**સ્વનિર્ભર શાળા સંચાલક મંડળની રિટ**

અમદાવાદ, તા.૩

ગુજરાત સરકારના ખાનગી સ્વનિર્ભર શાળા ફી નિયમન કાયદાની કાયદેસરતાને આખરે સ્વનિર્ભર શાળા સંચાલકોએ ગુજરાત હાઈકોર્ટમાં પડકારી છે અને મહત્વની રિટ અરજી દાખલ કરી છે. શાળા સંચાલકો તરફથી સરકારના આ કાયદાને ગેરકાયદે, ગેરબંધારણીય અને રદબાતલ ઠરાવવા પણ અરજીમાં દાદ માંગવામાં આવી છે. રાજયના સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ તરફથી કરાયેલી જુદી જુદી રિટ અરજીઓમાં એ મતલબની રજૂઆત કરવામાં આવી છે કે, રાજય સરકાર દ્વારા તાજેતરમાં રાજયની સ્વનિર્ભર શાળાઓ માટે ફી નિર્ધારણ કાયદો અમલમાં લાવી છે અને તેના નિયમો પણ જારી કર્યા છે. જેમાં સ્વનિર્ભર શાળાઓની ફી એકદમ ઓછી નક્કી કરવામાં આવી છે. સ્વનિર્ભર શાળાઓ દ્વારા જે સુવિધા અને ગુણવત્તા સાથેનું શિક્ષણ બાળકોને અપાય છે તે જોતાં તેમના ખર્ચાઓને પહોંચી વળવાથી માંડી તેમના શિક્ષકો અને સ્ટાફને પગાર ચૂકવવા સહિતની બાબતોને ધ્યાનમાં રાખીને ફી નક્કી કરાતી હોય છે પરંતુ સરકારે આ તમામ પાસાઓ અવગણીને બિલકુલ ઓછી ફી નક્કી કરાઈ છે. જેના કારણે સ્વનિર્ભર શાળા સંચાલકોને ભારે અન્યાય થયો છે. અરજદારપક્ષ તરફથી સરકાર દ્વારા તૈયાર કરાયેલા નવા ખાનગી સ્વનિર્ભર શાળા ફી નિયમન કાયદાને ગેરકાયદે અને રદબાતલ ઠરાવવા દાદ માંગવામાં આવી હતી. આ કેસની સુનાવણી ચાલુ સપ્તાહમાં હાથ ધરાય તેવી શકયતા છે.

## હોસ્પિટલમાં દર્દીની સંપૂર્ણ માહિતી તબીબોની આંગળીના ટેરવે

**૩૮ વિભાગમાં કોમ્પ્યુટર સિસ્ટમ મુકવામાં આવી : કેસ નંબરના આધારે ડોક્ટર પાસે દર્દીની સંપૂર્ણ મેડીકલ હીસ્ટ્રી આવી જશે**

ગાંધીનગર, તા.૩

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત પાટનગરની હોસ્પિટલ કોર્પોરેટ લુક ધરાવે છે. અતિ આધુનિક સગવડોથી સજ્જ કરાયેલી હોસ્પિટલની વ્યવસ્થામાં પણ હવે સુધારો કરવામાં આવી રહ્યો છે. કોમ્પ્યુટર યુગમાં તબિબોને દર્દીની સંપૂર્ણ માહિતી આંગળીના ટેરવે મળી રહે તે માટે તંત્ર દ્વારા વિશેષ સોફટવેર તૈયાર કરાયું છે. હોસ્પિટલ સંકુલના તમામ વોર્ડ, ઓપીડી બિલ્ડીંગ અને લેબોરેટરી સહિતના સ્થળો પર કર્મચારીઓ દ્વારા કોમ્પ્યુટરથી કામગીરી થશે. આ માટે સંકુલમાં તાત્કાલીક ધોરણે ૩૮ જેટલા કોમ્પ્યુટર વસાવવામાં આવ્યા છે અને કનેકટીવીટીની કામગીરી ચાલી રહી છે. કેસ નંબરના આધારે દર્દીની સમગ્ર હીસ્ટ્રી ડોકટર પાસે આવી જશે. જેને પગલે તબિબોને પણ દર્દીની સારવારમાં પણ સરળતા રહેશે.



રેકોર્ડ પણ કોમ્પ્યુટર રાઈઝડ રહે તે માટે ટીસીએસ કંપની દ્વારા ખાસ સોફટવેર વિકસાવવામાં આવ્યું છે. આ અંગે મળતી માહિતી મુજબ સિવિલ હોસ્પિટલમાં ૪૦ જેટલા નવા કોમ્પ્યુટર વસાવવામાં આવ્યા છે. તો સામે સ્ટાફ નર્સોને કોમ્પ્યુટરમાં દર્દીઓની ફાઈલ મેઈન્ટેઈન રાખવાની તાલિમ આપવામાં આવનાર છે. તાલિમ આપ્યા બાદ હોસ્પિટલની ઓપીડી, તમામ વોર્ડ, લેબોરેટરી, આઈસીયું, સહિત ગોઠવવામાં આવેલા કોમ્પ્યુટરને ખાસ સોફટવેરથી કનેકટ કરવામાં આવશે. માત્ર એક એમઆરડીનો યુનિક નંબર નાંખતા દર્દીની તમામ વિગત તબિબને મળી રહેશે. જયારે લેબનો રિપોર્ટ પણ જે તે દર્દીના યુનિક નંબરમાં આવી જશે. તમામ દર્દીઓનો રેકોર્ડ ઓનલાઈન રહી શકે તે માટે વ્યવસ્થા ગોઠવાઈ છે. હાલ આ પાયલોટ પ્રોજેકટ ગાંધીનગર હોસ્પિટલ ખાતે કેટલાક વિભાગોમાં આગામી બે સપ્તાહમાં કાર્યરત થઈ જશે તેમ સિવિલના તબિબિ અધિક્ષક ડો. બિપિન નાયકે જણાવ્યું છે. જયારે આ સિસ્ટમ રાજયની તમામ સરકારી હોસ્પિટલમાં આગામી સમયમાં કાર્યરત કરવામાં આવશે. જેને પગલે રાજયની કોઈપણ સરકારી હોસ્પિટલમાં સારવાર માટે દર્દી જાય તો સરળતા રહેશે.

આગામી બે સપ્તાહમાં કોમ્પ્યુટરરાઈઝડ વ્યવસ્થા કાર્યરત થઈ જશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે વ્યવસ્થામાં સુધારો કરવામાં આવી રહ્યો છે. ઈન્ટરનેટના યુગમાં દરેક વ્યકિત કોમ્પ્યુટરથી ઝડપી અને સરળ કામ કરે છે. ત્યારે દર્દીઓનો

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭